# ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટનો ચોખ્ખો નફો ૪૯ % વધીને રૂા.૩૦૪ કરોડ

પીટીઆઈ
ચેન્નાઈ, તા.૩૦

ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ કંપનીએ જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક માટે તેનો ચોખ્ખો નફો ૪૯.૩૦ ટકાના વધારા સાથે રૂા.૩૦૪.૬૭ કરોડ નોંધાવ્યો છે. ચેન્નાઈ સ્થિત વિવિધ સેગ્ટરમાં કાર્યરત ફાયનાન્સિયલ સર્વિસિસની પેટાકંપની મુરુગપ્પા ગ્રૂપે ગયા વર્ષે સમાન અવધીમાં રૂા.૨૦૩.૯૩ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. સમીક્ષા હેઠળના ગાળામાં કુલ આવક રૂા.૧,૩૫૦.૩૧ કરોડથી વધી રૂા.૧,૬૭૫.૮૩ કરોડ થઈ હતી. ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૮ના રોજ પૂરા થયેલા છ મહિનાના ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો રૂા.૪૧૩.૬૧ કરોડથી વધી રૂા.૫૮૯.૯૧ કરોડ થઈ છે. ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૮ના રોજ પૂરા થયેલા છ મહિના દરમિયાન કુલ આવક રૂા.૨,૬૬૩.૪૩ કરોડથી વધી રૂા.૩,૨૯૬.૩૦ કરોડ થઈ છે. એક નિવેદનમાં કંપનીએ જણાવ્યું હતું કે છ મહિના માટે ખર્ચ રૂા.૧૦,૩૪૫ કરોડથી વધી રૂા.૧૩,૯૧૪ કરોડ થયો હતો. વ્હિકલ ફાયનાન્સ કારોબારમાં રૂા.૧૧,૨૦૭ કરોડનું વોલ્યુમ નોંધાયુ હતું, જે ગયા વર્ષની સમાન અવધીમાં રૂા.૮,૧૧૪ કરોડ થયું હતું. હોમ ઈક્વિટી કારોબાર પોર્ટફોલિયો હેઠળ કંપનીએ જણાવ્યું હતું કે તેની ડિસબર્સ રૂા.૧,૫૭૦ કરોડથી વધી રૂા.૧,૮૪૯ કરોડ થયું હતું. સંચાલન હેઠળની કુલ મિલકતનું સંચાલન રૂા.૩૬,૪૫૬ કરોડથી વધી રૂા.૪૭,૭૨૦ કરોડ થઈ હતી. કંપનીનો મૂડી પર્યાપ્તતા ગુણોતર ૧૫ ટકાના નિયમનકારી જરૂરિયાત સામે ૧૮.૩૪ ટકા થયો હતો. દરમિયાન બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) ખાતે કંપનીના શેરનો ભાવ રૂા.૨૧.૬૦ એટલે કે ૧.૭૦ ટકા ગગડી રૂા.૧,૨૪૫.૯૫ પર બંધ રહ્યો હતો.